તા.૦૫–૦૯–૨૦૧૨.

## ડો. વી. આર. ગોઢાણિયા કોલેજ ખાતે શિક્ષક દિન નિમિતે ત્રિવેણી કાર્યક્રમનું આયોજન

" વિદ્યાર્થી જીવન એ જવાબદારી પૂર્વકના ભવિષ્યનું નિર્માણ છે, અને આ વિદ્યાર્થી જીવનને દિશા આપી શકે તે શિક્ષક ". વર્તમાન સમયમાં વિદ્યાર્થી જીવનને ગેરમાર્ગે દોરનારા અનેકવિધ માધ્યમોની મધ્યે ડો. વી.આર. ગોઢાણિયા કોલેજમાં વિદ્યાર્થીઓને સાચી દિશા આપી શકે તેવા ત્રિવેણી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમો માં વિદ્યાર્થીઓ એક શિક્ષક તરીકે પોતાની જવાબદારી કેવા પ્રકારની હોઈ શકે તેનો વાસ્તવિક અભ્યાસ કરી શકે તે માટે કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા સ્વયંશિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત સંસ્થાનું તમામ અધ્યાપન કાર્ય વિદ્યાર્થીનીઓ દ્વારા ઉત્સાહપૂર્વક કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત બીજા કાર્યક્રમમાં હેલ્થ સેન્ટર, યુથ રેડક્રોસ, સામુદાયીક સેવાધારા તથા એન.એસ.એસ. વિભાગ દ્વારા વિદ્યાર્થીઓએ સમાજને કઈ દિશા આપવી જોઈએ, સમાજમાં કેવું વર્તન કરવું જોઈએ તેના અહેસાસરૂપે થેલેસેમિયા પિડિત બાળકો માટે આશા ચિલ્ડ્રન હોસ્પિટલ પોરબંદરના સહયોગથી રકતદાન કેમ્પનું આયોજન કર્યુ હતું. આ વિચારના પ્રણેતા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, પ્રિન્સિપાલશ્રી ડો. અનુપમ નાગરસાહેબ વાઈસ પ્રિન્સિપાલ પ્રા.કગથરાસાહેબ, ડો. ભાવના બહેન કેશવાલા, પ્રા. રાકેશભાઈ કકકડ, તથા પ્રા. ૠષીભાઈ પંડયા સહિતના કુલ ૦૬ વ્યકિતઓએ રકતદાન કર્યુ હતું . તથા કોલેજની વિદ્યાર્થીનીઓએ પણ ઉત્સાહપૂર્વક રકતદાન કર્યુ હતું અને કાર્યક્રમના અંતે કુલ–૮૩ બોટલો દાન સ્વરૂપેઆશા ચિલ્ડ્રન હોસ્પિટલને આપવામાં આવી હતી. સાથે સાથે કોલેજ દ્વારા નવ વિચાર સ્વરૂપે સીસીડીસી તથા જ્ઞાનધારા દ્વારા કવિઝ કોમ્પીટીશનનું આયોજન કરાયું હતું. અને શિક્ષકદિનની ઉજવણીને સાર્થક બનાવી હતી.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડો. અનુપમ નાગરસાહેબે વિદ્યાર્થીને ભવિષ્યનો સમજદાર અને સાચી દિશામાં ચાલનાર નાગરિક બની શકે તે માટે સંસ્થા હંમેશા કટિબધ્ધ રહેશે તેવું મંતવ્ય આપ્યું હતું. સમજ અને અભિવ્યકિત યુકત આવા ત્રિવેણી કાર્યક્રમના આયોજન બદલ સમગ્ર ટ્રસ્ટીગણે સૌ પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

**( ડો. અનુપમ આર. નાગર )**
પ્રિન્સિપાલ

તા.૦૮–૦૯–૨૦૧૨.

## ડો. વી.આર. ગોઢાણિયા કોલેજના પ્રિન્સિપાલ ડો. અનુપમ આર. નાગરસાહેબનું યશસ્વી સન્માન

૫–સપ્ટેમ્બર–૨૦૧૨ ના રોજ પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિન નિમિતે દર વર્ષે ઉજવાતા શિક્ષક દિનને વિશ્વમાં ૨૦૬ દેશોમાં ફેલાયેલ લાયન્સ કલબ ઈન્ટરનેશનલ દ્વારા નવતર રીતે ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમ અંતર્ગત પોરબંદર વિસ્તારમાં શિક્ષણ ક્ષેત્રે સેવા આપનાર શિક્ષક ગણનું અભિવાદન કરી તેમની સેવાને બિરદાવવાનો તથા સન્માન કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં શિસ્ત અને શિક્ષણના પર્યાય એવા ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના વિધ્વાન પ્રિન્સિપાલ શ્રી ડો. અનુપમ નાગર સાહેબનું કલબના સભ્યો દ્વારા ઉત્સાહપૂર્વક સન્માન કરાયું હતું. લાયન્સ કલબના પ્રમુખ શ્રી નિખીલ પારેખ, એજયુકેશન કમિટિના ચેરમેન શ્રી રાજેશ મદલાણી, સેક્રેટરી શ્રી તેજસ લખલાણી, ટ્રેઝરર શ્રી રાજેશ લાખાણી તેમજ તમામ સભ્યોની ઉપસ્થિતમાં પોરબંદરના શિક્ષણ ક્ષેત્રમાં એક આદર્શ વ્યકિતત્વ તરીકે ડો. નાગર સાહેબની ઓળખ અપાઈ હતી.

ડો. અનુપમ નાગરસાહેબ છેલ્લા ૨૨ વર્ષથી શિક્ષણ સાથે સંકળાયેલા છે. શિક્ષણના અનુભવોની સાથે સંશોધન ક્ષેત્રે પણ તેઓનું વિશિષ્ટ પ્રદાન રહેલું છે. તેઓ વર્તમાન સમયમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગ્રેજી ભવનના પીએચ.ડી ના ગાઈડ તરીકે પણ કાર્યરત છે. અત્યાર સુધીમાં તેઓએ ૨૫ જેટલા વર્કશોપ દેશના વિવિઘ ભાગોમાં કરેલા છે. આ ઉપરાંત તેઓના ૩૦ થી વધુ સંશોધન પત્રો દેશ–વિદેશના સામયિકોમાં પ્રસિઘ્ધ થયા છે. શિક્ષણ સંદર્ભમાં તેમના વિચારોને આલેખિત કરતા આર્ટીકલ્સ પણ દેશ–વિદેશના સામયિકોમાં પ્રસિઘ્ધ થયા છે. સવિશેષ તેમના કુલ–૦૯ પુસ્તકોનું પ્રકાશન પણ થયેલું છે. એ ઉલ્લેખનિય છે કે ગુજરાત સરકાર દ્વારા પુના ખાતે યોજાયેલ દેશના શ્રેષ્ઠ આચાર્યોના પરિસંવાદમાં પણ તેઓશ્રીની પસંદગી કરવામાં આવી હતી. વર્તમાન સમયમાં ગુજરાત શિક્ષથ વિભાગ અંતર્ગત કે.સી.જી. દ્વારા ઈ–જનરલ ઓડીટ બોર્ડના સભ્ય તરીકે પણ તેઓશ્રીની નિમણુંક આપવામાં આવી છે.

આમ બહુવિધ એવા પ્રતિભા ધરાવનાર ડો. નાગરસાહેબના સન્માન સમારોહને શહેરના અગ્રગણ્ય નાગરિકો, બુદ્ધિજીવીઓ અને વિદ્યાર્થી જગતે આવકાર્યો હતો.

તા.૧૫–૦૯–૨૦૧૨.

## સપ્તધારા અંતર્ગત જીલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજનો યશસ્વી દેખાવ.

ગુજરાત રાજયની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ચલાવાઈ રહેલ સપ્તધારા કાર્યક્રમ અંતર્ગત પોરબંદર જીલ્લામાં જીલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન તા.૨૭–ઓગસ્ટ થી ૧લી સપ્ટેમ્બર–૨૦૧૨ દરમિયાન કરવામાં આવ્યું હતું. તેમાં પોરબંદર ખાતેની સુપ્રસિધ્ધ ઉચ્ચ શિક્ષણ સંસ્થા ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓએ તમામ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લઈને મોટા ભાગની સ્પર્ધાઓમાં ઉચ્ચ વિજેતા ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો અને વ્યકિતગત સિધ્ધી મેળવવાની સાથોસાથ ડો. ગોઢાણિયા મહિલા કોલેજને પણ ગૌરવ અપાવ્યું હતું આ ઝળહળતી સિધ્ધીઓ અંગેની વિગતો નીચે મુજબ છે.

| (૧) યોગ વ્યાયામ ખેલકૂદ ધારા :– કન્વીનરશ્રી પ્રા. એચ.પી. કગથરા | | | |
|---|---|---|---|
| ક્રમ. | સ્પર્ધા. | વિજેતા ક્રમાંક. | સ્પર્ધકનું નામ. |
| ૧. | ૨૦૦ મીટર દોડ | દ્વિતીય | કુ. સંતોક ગોઢાણિયા |
| ૨. | ૪૦૦ મીટર દોડ | તૃતીય | કુ. સંતોક ગોઢાણિયા |
| ૩. | શોટ પુટ | પ્રથમ | કુ. જયશ્રી કારેણા |
| | શોટપુટ | દ્વિતીય | કુ. ધાની ઓડેદરા |
| ૪. | ડિસ્ક થ્રો | દ્વિતીય | કુ. ધાની ઓડેદરા |
| ૫. | લોંગ જમ્પ | પ્રથમ | કુ. રેખા ગોઢાણિયા |
| | લોંગ જમ્પ | દ્વિતીય | કુ. વર્ષા ચૌહાણ |
| ૬. | હાઈ જમ્પ | દ્વિતીય | કુ. ધાની ઓડેદરા |
| ૭. | બેડમિંટન | દ્વિતીય | કુ. મંજુ ઓડેદરા |
| | બેડમિંટન | તૃતીય | કુ. લીલીતા જમરીયા |
| ૮. | ચેસ | પ્રથમ | કુ. લીલુ ગોઢાણિયા |
| ૯. | ટેબલ ટેનિશ | પ્રથમ | કુ. સોનલ રૂઘાણી |
| | ટેબલ ટેનિશ | દ્વિતીય | કુ. મંજુ ઓડેદરા |
| ૧૦. | કબડ્ડી | પ્રથમ | ડો. વી.આર. જી મહિલા કોલેજ ટીમ |
| ૧૧. | ખો–ખો | પ્રથમ | ડો. વી.આર. જી મહિલા કોલેજ ટીમ |
| ૧૨. | વોલીબોલ | પ્રથમ | ડો. વી.આર. જી મહિલા કોલેજ ટીમ |
| ૧૩. | યોગાસન | પ્રથમ | ડો. વી.આર. જી મહિલા કોલેજ ટીમ |

**જેમાં ડો. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજની** :–

**કબડ્ડી ટીમમાં** – કુ. પ્રિયંકા ગોરાણિયા, કુ. રેખા મોઢવાડિયા, કુ. જલ્પા લાખાણી, કુ. અંજુ ખુંટી, કુ. જીજ્ઞા કંડોરીયા, કુ. દેવી પરમાર, કુ. રમા ઓડેદરા, કુ. સંતોક ગોઢાણિયા, કુ. શાંતિ ઓડેદરા, કુ. હીરા ખુંટી, કુ. તૃપ્તિ મહેતા, કુ. શાંતિ ભુતીયાનો સમાવેશ થાય છે.

**ખો–ખો ટીમમાં** – કુ. ગીતા મોઢવાડિયા, કુ. રેખા ઓડેદરા, કુ. વર્ષા ચૌહાણ, કુ. દેવી પરમાર, કુ. લક્ષ્મી ઓડેદરા, કુ. ભાવિષા મોઢવાડિયા, કુ. વર્ષા મોઢવાડિયા, કુ. મંજુ મોઢવાડિયા, કુ. લીલુ કારાવદરા, કુ. ભારતી ખિસ્તરીયા, કુ. નિશા ઓડેદરા, કુ. કરૂણા બારડ, તથા કુ. લીલુ ઓડેદરાએ ડો. વી.આર.જી. મહિલા કોલેજને પ્રથમ ક્રમાંક આપાવ્યો છે.

**વોલીબોલ ટીમમાં** – કુ. દેવીકા સોલંકી, કુ. પ્રિયંકા ગોરાણીયા, કુ. માલી ધરસંડા, કુ. અંજુ ખુંટી, કુ. દેવી કારાવદરા, કુ. હેતલ ખુંટી, કુ. જયોત્સના ટીબા, કુ. ભારતી ઓડેદરા, કુ. લીલુ પરમાર, કુ. શાંતિ ઓડેદરા તથા કુ. મંજુ ઓડેદરાનો સમાવેશ થાય છે.

**યોગાસન ટીમમાં** – કુ. ઈશીતા રાઠોડ, કુ. માનશી વાણોટીયા, કુ. કોમલ મોઢવાડિયા, કુ. હીના મોઢવાડિયા, કુ. જયોત્સના ટીબા તથા કુ. કરૂણા બારડનો સમાવેશ થાય છે.

(૨) <u>નાટયધારા</u> :– <u>કન્વીનરશ્રી  ડો. ભાવનાબહેન મશરૂ</u>

નાટયધારા અંતર્ગત યોજાયેલી સ્પર્ધાઓ – સ્કીટ સ્પર્ધા, માઈમ સ્પર્ધા, મોનો એકટીંગ સ્પર્ધા, એમ ત્રણેય સ્પર્ધાઓમાં ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજના સ્પર્ધકોએ પ્રથમ વિજેતા ક્રમાંક પ્રાપ્ત કરેલ છે જેમાં

**<u>સ્કીટ સ્પર્ધામાં</u>** – કુ. કાજલ કડછા, કુ. સોનાલી થાનકી, કુ. ધ્રૃતિ પોપટ તથા કુ. આરાધના જોષી સમાવેશ થાય છે. જયારે

**<u>માઈમ સ્પર્ધામાં</u>** – કુ. ચાર્મી કોટેચા, કુ. શિલ્પા બળેજા, કુ. રિધ્ધિ ગરચર, કુ. પુજા મોકરીયા, કુ. રક્ષા ઓડેદરા, કુ. જાહનવ ી ઓડેદરા, કુ. મીરાલી ઓડેદરાનો સમાવેશ થાય છે. જયારે

**<u>મોનો એકટીંગ</u>** (**<u>એકપાત્રીય અભિનય</u>**) – જેમાં કોલેજમાં પી.જી. સેન્ટર એમ.એ.(અંગ્રેજી) ના વિદ્યાર્થી શ્રી  આશીષ પાતર એ ખૂબ સુંદર અભિન કરી ડો. વી.આર.જી. કોલેજને પ્રથમ વિજેતા ક્રમાંક અપાવ્યો છે.

| (૩) રંગ કલા કૌશલ્ય ધારા :– કન્વીનરશ્રી  પ્રા. સ્મિતાબહેન આચાર્ય | | | |
|---|---|---|---|
| ક્રમ. | સ્પર્ધા. | વિજેતા ક્રમાંક. | સ્પર્ધકનું નામ. |
| ૧. | કલે મૉડેલીંગ | પ્રથમ | કુ. નિધિ રાડીયા |
| ૨. | કાર્ટુનિંગ | પ્રથમ | કુ. રિયા મકવાણા |
| ૩. | કોલાજ | પ્રથમ | કુ. ફઝીલા હાલાઈ |
| ૪. | રંગોળી | દ્વિતીય | કુ. રીના સત્યદેવ |
| ૫. | મહેંદી | દ્વિતીય | કુ. કોમલ શીયાણી |
| ૬. | પોસ્ટર મેકીગ | દ્વિતીય | કુ. ફઝીલા હાલાઈ |
| ૭. | ડ્રોઈંગ | દ્વિતીય | કુ. ભકિત ટેવાણી |

(૪) <u>ગીત સંગીત – નુત્ય ધારા</u> – <u>કન્વીનરશ્રી ડો. એમ. એન. વાધેલા</u>

ગીત સંગીત – નૃત્ય ધારા અંતર્ગત

**<u>સમૂહગાન સ્પર્ધામાં</u>** – ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થીની કુ. હિમા જોષી તથા તેની સખીઓએ **પ્રથમ વિ જેતા ક્રમાંક** અને

**<u>લોકગીત સ્પર્ધામાં</u>** – કોલેજની કુ. પ્રિયા ચૌહાણે **દ્વિતીય વિજેતા ક્રમાંક** પ્રાપ્ત કરેલ છે.

(૪) <u>**સર્જનાત્મક અભિવ્યકિત ધારા**</u> – <u>**કન્વીનરશ્રી ડો. ઈલાબહેન થાનકી**</u>

સર્જનાત્મક અભિવ્યકિત ધારા અંતર્ગત ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થીની

**<u>વાર્તાલેખન સ્પર્ધા</u>** – કુ. દીપીકા મછવારાએ **પ્રથમ વિજેતા ક્રમાંક** પ્રાપ્ત કરેલ છે.

(૪) <u>**જ્ઞાનધારા**</u>– <u>**કન્વીનરશ્રી પ્રા. દક્ષાબહેન ચોટાઈ**</u>

જ્ઞાનધારા અંતર્ગત પણ વકતુત્વ સ્પર્ધા, ડિબેટ સ્પર્ધા તથા કવીઝ સ્ર્પધાનું આયોજન કરવામાં આવેલું હતું.

જેમાં કોલેજની  કુ. સ્મિતા પરમાર, કુ. નિધિ રાયઠઠા, કુ. અંકિતા આંત્રોલીયા,  કુ. ખુશાલી જોષી, કુ. ચાંદની જોષી તથા કુ. પાયલ મકવાણાએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ઉપરોકત તમામ સ્પર્ધાઓમાં પ્રથમ વિજેતા બનેલા સ્પર્ધકો અને તેમની ટીમો રાજયકક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેવા જશે.

આ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકો અને વિજેતાઓને  સમગ્ર ટ્રસ્ટીગણ, પ્રિન્સિપાલશ્રી ડો. અનુપમ નાગરસાહેબ, વાઈસ પ્રિન્સિપાલ પ્રા. એચ.પી.કગથરાસાહેબ, પ્રાધ્યાપક ગણ, વહિવટી સ્ટાફ, તથા સમગ્ર કોલેજ પરિવારે ડો. વી.આર. ગો ઢાણિયા મહિલા કોલેજને ગૌરવ અપાવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે તથા રાજય કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેનાર સ્પર્ધકોને રાજયકક્ષાની સ્પર્ધાઓમાં પણ ઉચ્ચ વિજેતા ક્રમાંક અપાવીને કોલેજનું  તથા પોરબંદર જીલ્લાનું નામ રોશન કરે તેવી શુ ભેચ્છાઓ પાઠવી છે.

( **ડો. અનુપમ આર. નાગર** )

પ્રિન્સિપાલ

તા.૨૨–૦૯–૨૦૧૨.

**નેક દ્વારા પુનઃ મૂલ્યાંકન કરાવતી પોરબંદર જીલ્લાની એકમાત્ર કોલેજ ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ**

શૈક્ષણિક વર્ષ.૨૦૧૨–૨૦૧૩ ના પ્રારંભે સમગ્ર ભારતમાંથી ૮૦ જેટલી કોલેજોએ નેક(નેશનલ એસેસમેન્ટ એન્ડએક્રિડિટેશન કાઉન્શીલ દ્વારા પોતાની સંસ્થાનું સ્વૈચ્છિક પુનઃમૂલ્યાંકન રી–એક્રિડિટેશન કરાવ્યું છે. જેમાં સમગ્ર ગુજરાતમાંથી માત્ર ૦૪ કોલેજો સ્વૈચ્છિક પુનઃ મૂલ્યાંકન માટે તૈયાર થઈ હતી આમાંથી માત્ર ૦૨ કોલેજો સૌરાષ્ટ્રની હતી અને તેમાંથી પોરબંદર જીલ્લાની એક માત્ર કોલેજ ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ સ્વૈચ્છિક પુનઃ મૂલ્યાંકન માટે તૈયાર થઈ હતી.

ગોઢાણિયા મહિલા કોલેજ દ્વારા પ્રથમ મૂલ્યાંકન ફેબ્રુઆરી–૨૦૦૭ માં કરાવવામાં આવેલ હતું તથા તેમાં C++(૬૭%) લેવલ પ્રાપ્ત થયેલ હતું.

યુ.જી.સી. ના નિયમ અનુસાર ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલ કોઈ પણ કોલેજ પ્રથમ મૂલ્યાંકનનાં પાંચ વર્ષ પછી સ્વૈચ્છિક પુનઃ મૂલ્યાંકન કરાવી શકે છે. તે અનુસાર ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ દ્વારા પુનઃ મૂલ્યાંકન માટે પ્રયાસો કરાયેલ હતા અને તે અનુસંધાને તા.૧૬/૧૭/૧૮ જુલાઈ–૨૦૧૨ દરમિયાન નેક દ્વારા પસંદ કરાયેલ ત્રણ સભ્યોની બનેલી ટીમ મહિલા કોલેજ ખાતે પુનઃમૂલ્યાંકન માટે આવી હતી. તેમણે ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ સાથે સંબંધિત તમામ પાસાઓનું અવલોકન કરીને સંપૂર્ણ સંતોષ વ્યકત કર્યો હતો.

નેક દ્વારા અપનાવવામાં આવેલ મૂલ્યાંકનના નવા માપદંડ અનુસાર

૦.૦૦ થી ૧.૦૦ લેવલ ડી
૧.૦૧ થી ૨.૦૦ લેવલ સી
૨.૦૧ થી ૩.૦૦ લેવલ બી તથા
૩.૦૧ થી ૪.૦૦ લેવલ એ ગ્રેડ

અપાય છે. તાજેતરમાં નેક દ્વારા જાહેર કરાયેલ પરિણામ અનુસાર ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ એ ' બી ' (૨.૮૧) (ગુડ) ગ્રેડ પ્રાપ્ત કરેલ છે.

નેક મૂલ્યાંકન ના વિવિધ પાસાંઓ અંતર્ગત નેક ટીમે દરેક પાસાંઓની વિશદ છણાવટ કરી સંસ્થાની વિશિષ્ટતાઓ વર્ણવી હતી.

મૂલ્યાંકનના પ્રથમ તબકકામાં કરીકયુલર જે અંતર્ગત સંસ્થાના દસ પ્રાધ્યાપકો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્ટડીઝમાં સ્થાન ધરાવતા હોય, અભ્યાસક્રમ ઘડતરને નવી દિશા આપે છે. સંસ્થા ખાતે બેઝીક કોમ્પ્યુટર અને અંગ્રેજી માટેના કલાસ ફરજીયાત ચલાવાય છે. દસ જેટલા શોર્ટ ટર્મ કોર્સીસ અને કેરીયર ઓરીએન્ટેડ પ્રોગ્રામ તથા ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી ના કેન્દ્રને સંસ્થાની વિશિષ્ટતા તરીકે દર્શાવી હતી.

મૂલ્યાંકનના પાસા તરીકે અધ્યયન, અધ્યાપન તથા મૂલ્યાંકન પધ્ધતિને ઘ્યાને લેવાય છે. જે અંતર્ગત સંસ્થા ખાતે ચાલતા રેમેડિયલ કલાસીસ, ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ, મલ્ટીમીડીયા શિક્ષણની બાબતોને નોંધપાત્ર ગણાવી હતી સાથે સાથે સંસ્થાના પ્રોસ્પેકટસ, વેબસાઈટ તથા એડમિશનની પારદર્શકતા પણ પ્રસંશનીય ગણાવી હતી.

મૂલ્યાંકન અંતર્ગત રીસર્ચ ના પાસાને સાંકળી સંસ્થા દ્વારા ચલાવાતા રીચર્સ સેન્ટર, આઈ.એસ.બી.એન., નંબર પ્રાપ્ત રીસર્ચ જનરલ ખોજ, કોલેજ મેગેઝીન સંગાથ તથા કોલેજ ન્યુઝ લેટર જયોતિર્ગમય તૈયાર કરાય છે. તે ખુબ સારી બાબત છે.રીસર્ચ પ્રવૃતિઓને માઈલ સ્ટોન સ્વરૂપે દર્શાવી હતી સાથે સાથે સંસ્થાના ઈન્ફાસ્ટ્રકચરની પ્રશંસા કરતા નેક ટીમે કોન્ફરન્સ રૂમ, અતિ આધુનિક કોમ્પ્યુટર લેબ, રમતગમત મેદાન, પાર્કિંગની યોગ્ય સુવિધા, કેન્ટીન, તથા હોસ્ટેલની સુવિધાઓને કોલેજની યોગ્યતા અંગેનું ઉજજવળ પાસુ બતાવ્યું હતું.

મૂલ્યાંકનના અન્ય પાંસાએમાં નેક ટીમે વિદ્યાર્થી સપોર્ટ તથા ગવર્નનન્સ અને લિડરશીપના શીર્ષક હેઠળ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, યુનિ. સાથે સંલગ્ન રહી અકસ્માત વિમા યોજના વિદ્યાર્થીઓ માટે મેગેઝીન, સહ અભ્યાસિક તથા રમતગમતની પ્રવૃતિઓમાં રાષ્ટ્રીય સ્તર સુધી વિદ્યાર્થીઓને પહોંચાડવામાં સંસ્થાની ભૂમિકાના ભારોભાર વખાણ કર્યા હતા જયારે ભાવિ આયોજનો સ્પષ્ટ રીતે દર્શાવી એક નિશ્ચિત સમર્પિત ભાવનાથી કાર્યરત ટ્રસ્ટી મંડળ અને શિસ્ત તથા શિક્ષણના ચોકકસ ઘ્યેયને હાંસલ કર

વાની સૌથી મહત્વપૂર્ણ જવાબદારી ધરાવતા પ્રિન્સિપાલશ્રી ડો. અનુપમ આર. નાગર સાહેબને નિષ્ઠાપૂર્વક ના સમર્પિત પ્રયત્નો માટે વિશેષ નોંધ લઈ બિરદાવ્યા હતા.

આ ઉપરાંત મૂલ્યાંકન અંતર્ગત સંસ્થા ખાતે ચાલતી પ્રવૃતિઓ સંસ્થાનો સામાજીક દૃષ્ટિકોણ સંસ્થાનું સમાજમાં સકારાત્મક અને વિશિષ્ટ સ્થાન ગ્રામ્ય વિસ્તારની વિદ્યાર્થીનીઓ માટે અતિ આધુનિક શિક્ષણ માટેના પ્રયત્નોને સામાજીક ઉત્થાન માટે દીવા દાંડી સમાન દર્શાવ્યા હતા.

નેક દ્વારા જાહેર કરાયેલ ' બી ' ગ્રેડ પ્રાપ્ત થયાના સમાચાર જાણ્યા પછી ડો. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખ શ્રી ડો. વિરમભાઈ ગોઢાણિયા તથા સમગ્ર ટ્રસ્ટીગણએ, પ્રિન્સિપાલશ્રી ડો. અનુપમ નાગરસાહેબ, વાઈસ પ્રિન્સિપાલ પ્રા. હરિભાઈ કગથરા, નેકના કો–ઓર્ડીનેટર ડો. કેતનભાઈ શાહ, સમગ્ર પ્રાધ્યાપક ગણ, વહિવટી સ્ટાફ, તથા વિદ્યાર્થીનીઓને ખૂબ–ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં તથા ભાવિ પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**( ડો. અનુપમ આર. નાગર )**
પ્રિન્સિપાલ